## સમસ્યાનું સમાધાન.....મંતવ્ય

બરછીના જુલાઈ – ૧૧ના અંકમાં નાગર જ્ઞાતિમાં તૂટતા સંબંધો, લગ્નવિચ્છેદ બાબતનો લેખ ખરેખર ગંભીર સમસ્યારૂપ લેખ હતો.અને હકીકતમાં જો જ્ઞાતિમાં અને સમાજમાં આ જ સિલસિલો ચાલુ રહે તો પરિણામ ઘણા જ ગંભીર આવે,પરિવાર તૂટતા જાય, વ્યકિત એકાકી થતી જાય, સમાજ વ્યવસ્થા ખોરવાતી જાય. આથી આ બધું બનવાનું કારણ શું? અને તેનું નિવારણ શું? તેની ઉપર (નીચે મુજબના) આ નાના લેખ દ્વારા મારૂં મંતવ્ય મોકલી રહી છું.

– શ્રીમતી હેમાલી હિમાશું બુચ, રાજકોટ. (ફોન : ૨૫૬૧૦૭૧)

સૌ પ્રથમ તો આવું થવાના કારણમાં આપણા લોપાતા જતા સંસ્કાર છે. જુના રીતરિવાજો અને પરંપરા હવે સાવ નષ્ટ થતાં જાય છે. સંયુકત કુંટુંબો તૂટીને વિભકત થતા જાય છે. નવી પેઢી ભૌતિક સુખો તરફ ભાગે છે. "આપણું" શબ્દ વિસરાઈ ને "તારુ–મારું" થતું જાય છે. આ માટે દરેક માતા એ ખાસ જાગૃત થવાની જરૂર છે. માતા એટલા માટે કે સ્ત્રી એક એવી શકિત છે જે ધારે તે કરી શકે છે.ઈંટ પત્થરના મકાન માંથી તેને "ઘર" અને ધારે તો તેને "સ્વર્ગ" પણ તે જ બનાવી શકે. અને જો તે "નરક" બને તો પણ તેના જ કારણે બને છે."ઘરનું ઢાકણ નાર" તે કહેવત આપણામાં પ્રચલિત છે અને તેથી જો નાનપણથી જ માતા પોતાની પુત્રીમાં એટલી સમજણ આપી દે કે આજે આ ઘર તારું છે પરંતુ લગ્ન કરીને તું જે ઘરમાં જઈશ તે જ તારું સાચું ઘર હશે, અને તે ઘરની આબરૂ લાજમર્યાદા સાચવવાની જવાબદારી તારી રહેશે. થોડી ધીરજ સહનશીલતા તેમજ જતું કરી દેવાની ભાવના તો કોઈપણ યુવતીએ લગ્ન કરીને પોતાને ઘેર જતા પહેલાં દ્રઢ કરવી જ પડે. તો જ તે પોતાના સંસારમાં પારકાને પોતાના કરીને રહી શકે. એક ઘરથી બીજા ઘરમાં ત્યાંની રહેણી–કરણી અપનાવીને સ્થિર થવું એટલું સહેલું તો નથીજ. પરતું માતાએ આપેલી સાચી શિખામણ દીકરીને ત્યારે જ કામ આવે છે. કે હવે મા–બાપ ભાઈ–બહેન, બધાં જ સંબંધો સાસુ–સસરા, દેર–જેઠ નણંદ માં જ છે. અને જો આવી ભાવના દીકરીમાં દ્રઢ થઈ જાય તો તેને પારકાને પોતાના કરી લેતા વાર નથી લાગતી. હા, તેમાં થોડી બાંધછોડ જરૂર કરવી પડે. કોઈ આપણને બે શબ્દ કહે તો પિયરમાં આપણા માતા–પિતા પણ કયારેક બે શબ્દ ન હતા કહેતા? જો આવું વિચારે તો તે બાબતનું દુઃખ ન થાય. તેમજ કોઈ નું પણ કામ આપણે ભાગે કરવાનું આવે તો "હું શુંકામ કરૂ? તેને બદલે હસતે મોઢે "હું કયારે કોઈ ને મદદમાં આવી શકું?" જો એટલી જ લાગણી કેળવી લઈ શકે તો નવી જિંદગીમાં સેટ થતાં વાર નથી લાગતી.

એનો અર્થ એવો પણ નથી કે ફકત યુવતીઓ એ જ સમજવાની જરૂર છે. સામે પક્ષે યુવાનોએ પણ થોડા સમજદાર થવાની જરૂર છે. પોતાનાઓને છોડીને પારકાની વચ્ચે પોતાનો હાથ પકડીને આવેલી નવવધૂને કોઈપણ જાતની તકલીફ ન પડે તેનું પતિએ પણ ધ્યાન રાખવું જ જોઈએ. પોતાના ઘરના રીતરિવાજ તેને પ્રેમથી સમજાવી કહેવા જોઈએ. અને ઘરના વડીલનું માન સન્માન,આમન્યા જળવાઈ રહે તે રીતે પૂરતો સાથ પોતાની પત્નીને આપવો જોઈએ. જો ઉભય પક્ષે ધીરજ અને સમજદારી આવી જાય અને વડીલોની સલાહ પ્રમાણે સમજીને જીવન જીવાય તો મને લાગે છે કે આ તૂટતા સંબંધોની પરિસ્થિતિમાં થોડો (ઘણો) સુધારો થઈ શકે.

## ભાવનગરને આંગણે "હોમાત્મક મહારુદ્રાભિષેક"નું ભવ્ય આયોજન



જ્ઞાતિના અગ્રણી વયોવૃધ્ધ શ્રી હરકાંતભાઈ દેસાઈને નેવુંમાં વર્ષમાં પ્રવેશ નિમિત્ત તેઓના સ્વ. માતુશ્રી ચંદ્રલક્ષ્મીબેન તથા સ્વ. પિતાશ્રી દિનકરાય નરસિંહરાય દેસાઈ પરિવાર તરફથી નીલકંઠ મહાદેવ મંદિરના પ્રાગણમાં તા. ૫ થી ૭ જુન ૨૦૧૧ ના "હોમાત્મક મહારૂદ્ર યજ્ઞ" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું , જેમાં જ્ઞાતિજનો, પરિવારજનો ,પરિચતો અને શુભેચ્છકોએ સક્રિય રસ લઈ હાજરી આપી તથા પૂજામાં બેસવાનો લાભ પણ મેળવ્યો હતો. દેસાઈ પરિવાર તરફથી ત્રણ દિવસ મહેમાનો માટે નિવાસ, ફરાળ અને ભોજન વિગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી.

યજ્ઞાચાર્ય પંડિત શ્રી મહીપતભાઈ જોષીના નેતૃત્વમાં આયોજીત આ યજ્ઞની પૂર્ણાહુતિ તા. ૭-૬-૧૧ ના સાંજે ૪ વાગ્યે કરવામાં આવી હતી. ત્યારબાદ યજ્ઞ સ્થળ પર જ શ્રી હરકાંતભાઈના બહુમાન માટે યોજેલ કાર્યક્રમનું સંચાલન અમદાવાદથી પધારેલ શ્રી નરેશભાઈ રાજા(પ્રમુખશ્રી સમગ્ર ગુજરાત નાગર પરિષદ અમદાવાદ)એ કરી પ્રાસંગિક પ્રવચન તથા આભારવિધિ પણ તેઓએ કર્યા બાદ શ્રી નીલકંઠ મહાદેવ ટ્રસ્ટ તથા ભાવનગરની લગભગ બધી જ્ઞાતિ તથા અન્ય સેવાભાવી સંસ્થાઓ જેમની સાથે શ્રી હરકાંતભાઈ વર્ષોથી સંકળાયેલા છે તેમના પ્રમુખો, પ્રતિનિધિઓએ પુષ્પગુચ્છ,શાલ તથા મોમેન્ટો દ્વારા બહુમાન કર્યું હતું. અખિલ ભારતીય નાગર પરિષદ ભાવનગર શાખાના પ્રમુખશ્રી દ્વારા પણ શાલ તથા મોમેન્ટોરૂપે ગણેશજીની પ્રતિમા અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

અંતમાં હરિનાગર નિવાસ ખાતે મહાપ્રસાદ બાદ સ્મૃતિભેટ વિતરણને અંતેકાર્યક્રમ સંપન્ન થયેલ.

ધાર્મિક પરંપરાગત યજ્ઞયાગ વિશે જાણવામાં રસ ધરાવતા વાંચકો માટે આ મહાયજ્ઞ અંગે વિસ્તૃત માહિતી અત્રે પ્રસ્તુત છે....

પ્રાચીન કાળથી આર્ય પ્રજામા શિવ ઉપાસના પ્રચલિત છે, આ શિવજીના બે સ્વરૂપ છે અને તે બે નામ અતિ પ્રસિધ્ધ છે, એક રુદ્ર અને બીજા શિવ, રુદ્ર એટલે ઉગ્ર અને શિવ એટલે કલ્યાણકારી ,સ્વભકતોને કલેશ દેનાર રુદ્ર રૂપ ધારણ કરે છે કોઈપણ સ્થળે કોઈપણ પ્રસંગે માનવી વિપતિમાં આવી પડે,ભયંકર ભયથી ત્રાસ થઈ જાય તેવા સમયે આ રુદ્રદેવની આરાધના ભકતો પોતાના રક્ષણ માટે કરે છે. આપણા શિવ મંદિરોમાં આ રુદ્ર સ્વરૂપ શિવલિંગ સ્વરૂપે બિરાજમાન છે. ભગવાન શિવના આ લિંગના સ્વરૂપના પૂજનમાં અભિષેકનું સવિશેષ મહત્વ છે. આ રુદ્રાભિષેક પાઠાત્માક રીતે અને હોમાત્મક રીતે પણ કરી શકાય.

શુકલ યર્જુવેદના ચાલીસ અધ્યાયમાથી પસંદ કરાયેલા કેટલાક અધ્યાયનાં ચોકકસ મંત્રનો સમાવેશ કરીને આ રુદ્રાભિષેકનો ગ્રંથ બનાવવામાં આવ્યો છે. આ મંત્રોના અધ્યાય ૧૦ હોવા છતાં તેને અષ્ટાધ્યાયી રુદ્રી કહેવામાં આવે છે. શિવની ઉપાસના માટે આ મંત્રો ખાસ મહત્વનાં છે.

આ અષ્ટાધ્યાયીનાં પ્રથમ પાંચ અધ્યાયને ભગવાન શિવનું પ્રત્યક્ષ શરીર માનવામાં આવે છે. તેમાં શિવ સંકલ્પસુકત, પુરુષસુકત તથા ઉતરાયણસુકત (અધ્યાય-૨)અનુક્રમે હૃદય, મસ્તક અને શિખા છે. અપ્રતિસ્થ સુકત (અધ્યાય૩) તેનું કવચ છે. મૈત્રસુકત (અધ્યાય-૪) તેનું નેત્ર છે. અને રુદ્રસુકત

(અધ્યાય-૫) તેનું અસ્ત્ર છે.
આ પાંચ અધ્યાયના પાઠને ષડંગ કહે છે. પાંચ અધ્યાય પૈકી પાંચમા સિવાયના અધ્યાયનો પાઠ એક વખત અને પાંચમા અધ્યાયનો પાઠ ૧૧ વખત ભણવામાં આવે તો તેને એક રુદ્રી કહેવાય. આ રીતે ૧૧ વખત રુદ્રી ભણવામાં આવે અને અભિષેક કરવામાં આવે તો તે લઘુરુદ્ર કહેવાય. અને આવા ૧૧ લઘુરુદ્ર કરવામાં આવે ત્યારે મહારુદ્ર કહેવાય.અને આ રીતે ૧૧ મહારુદ્ર કરવામાં આવે તો તેને એક અતિરુદ્ર કહેવાય, આવા ૧૧ અતિરુદ્ર કરતાં એક કોટીરુદ્ર થાય છે.

આ રુદ્રી, લઘુરુદ્ર,મહારુદ્ર કે અતિરુદ્ર પાઠાત્મક રીતે અને હોમાત્મક રીતે પણ કરી શકાય. હોમ સાથે આહૂતિ આપીને હોમાત્મક લઘુરુદ્ર કરવો હોય તો પ્રથમનાં ચાર અને છ થી દસ સુકતોની એક વખત અને પાંચમા અધ્યાયના મંત્રોની ૧૦૮ વખત આહૂતિ આપીને એટલે કે એકંદર ૧૯,૪૮૧ આહુતિ આપવાની થાય. અને હોમાત્મક મહારુદ્ર કરવો હોય તો ૨,૧૪,૨૯૧ આહુતિ આપવાની થાય. આ રીતે હોમાત્મક મહારુદ્ર કરવા માટે અનુકુળતા મુજબ એકથી પાંચ યજ્ઞકુંડ બનાવવા જરૂરી બને અને ૨૨ બ્રહ્મદેવો રુદ્રીના ઉપર પ્રમાણે મંત્રો ભણે તો ૩ દિવસે હોમાત્મક મહારુદ્ર સંપન્ન થાય.

શ્રીમદ્ ભગવત ગીતાના દસમા અધ્યાયમાં જેમ શ્રીકૃષ્ણ ભગવાનનો વિભૂતિ યોગ વર્ણવ્યો છે તે રીતે અષ્ટાધ્યાયી રુદ્રીના પાંચમા અધ્યાયમાં ભગવાન શિવની આરાધના વર્ણવી છે. સ્થાવર અને જંગમ દરેક તત્વમાં સર્વવ્યાપી,સર્વશકિતશાળી લિંગ સ્વરૂપે બિરાજેલા એવા રુદ્ર અને શિવની આરાધના / ઉપાસના થતી આવી છે.

અહેવાલ : પ્રશાંતભાઈ મ. વોરા (પ્રતિનિધી)



## શ્રધ્ધાંજલિ એક જીવનસાથી દર્શના (ચીકુ)રમેન્દ્ર વૈશ્નવને...

**જન્મ : તા. ૧૩-૧-૧૯૫૧ - અવસાન : તા. ૧૧-૯-૨૦૧૦**

ચંદીપાઠના અર્ગલા સ્તોત્રમાં મા જગદમ્બાને પ્રાર્થના છે...

'પત્ની મનોરમાં દેહિ મનોવૃતાનુસારિણીમ્ । તારિણી દુર્ગસંસાર સાગરસ્ય કુલાદ્ભવામ્ ।'

પ્રાર્થનાને સુસંગત એવી જીવનસંગિની મળે તેથી વધુ કઈ ઉપલબ્ધિ બીજી કઈ હોઇ શકે ? રાજકોટના અંજારીયા કુટુંબમાં જન્મ નાની મોટી પાંચ બહેનો અને એક ભાઈની બહેન માતા પિતાની છત્રછાયા હેઠળ સંયુકત કુટુંબની જવાબદારીઓ સાથે સ્પોર્ટસ, હોમગાર્ડઝ જેવી અનેક પ્રવૃત્તિઓ કરી. હિંમતવાન, દ્રઢ નિર્ણય શકિત,સ્વાદિષ્ટ રસોઈનાં નિર્માત્રી,વ્યવહાર કુશળતા અને આત્મસૂઝથી પરિવારના રક્ષક બની સંયુકત કુટુંબનું વટવૃક્ષ ઉછેરી સ્વ. ઈલાબેન કેશરીપ્રસાદ વૈશ્નવના સંયુકત પરિવારને વહુના રૂપમાં આવી દિકરી મળતાં ધન્યતા અનુભવીએ છીએ. શ્વસુર ગૃહે પણ ઉપરની તમામ જવાબદારીઓ નિભાવી સંસ્કારની સુવાસ ફેલાવી. આમ, ઈશ્વરે અમી દ્રષ્ટિનો સાક્ષાત્કાર કરાવ્યો. અને તેમણે અંતિમ શ્વાસ સુધી પોતાની દિકરીના અકાળે સ્વર્ગવાસના દુ:ખ-વ્યથાને દિલમાં સમાવી બન્ને પુત્રોને ઉચ્ચ શિક્ષણ અને ઉત્તમ સંસ્કાર આપી પ્રેમાળ માતા, આદર્શ પત્ની, લાગણીસભર કુટુંબ વત્સલ ગૃહિણી બની રહયાં. તો નિર્બળ લોકોની સેવા સુશ્રુષાથી તેમની ઓથ બની રહયાં.

ચાલીસ વર્ષની વયે પુત્રીના વિયોગ પછી અસ્થમાના દર્દની અસહય પીડા છતાં તેને સહન કરી કુટુંબ સેવાનો ભેખ ધરનાર જે ઘરમાં ચૂંદડી ઓઢીને આવેલ તેજ ઘરમાંથી ચૂંદડી ઓઢીને છેક સુધી જાગૃત અવસ્થામાં ઈશ્વરમાં સમાય ગયાં..તેમનું જાજરમાન વ્યકિતત્વ અને સાલસ સ્વભાવ કુટુંબીજનો અને સગાસ્નેહીની સ્મૃતિમાં કાયમ રહેશે.

## બી. ટેક.-એમ.ટેક.ની ડયુઅલ ડીગ્રી મેળવતા હર્ષિત વૈશ્નવ



અમદાવાદ સ્થિત શીલેષ ગજેન્દ્રરાય વૈષ્ણવ તથા નિલાંજના શીલેષ વૈષ્ણવના પુત્ર હર્ષિત જુન ૨૦૧૧ માં ચેન્નાઈ ખાતેથી બી.ટેક. અને એમ.ટેક.ની ડયુઅલ ડીગ્રી (એકસાથે બંન્ને) મેળવવાની સિદ્ધિ મેળવી છે. અભ્યાસની શરૂઆતથી જ તેજસ્વી કારકિર્દી ધરાવતા ભાઈ હર્ષિત ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગના ૧થી ૧૦ સેમેસ્ટરમાં ૯.૨૧ જી.પી.એ. એટલે કે ૯૨% સાથે ઉત્તીર્ણ થયા. તેઓએ માઈક્રો ઈલેકટ્રોનીકસ તથા વી.એલ.એસ.આઈ.માં સ્પેશ્યાલાઈઝેશન કરેલ છે. હર્ષિત કેમ્પસ ઈન્ટરવ્યુમાં બેંગલોર સ્થિત GOLDMAN SACHS મલ્ટીનેશનલ કંપનીમાં પસંદગી પામી વાર્ષિક ૨૭ લાખના પેકેજથી કારકિર્દીનો પ્રારંભ કરેલ છે. અભિનંદન સહ યશસ્વીભવ-શુભકામના.



## કુ. વૃષ્ટિ નરેશ બુચ ડિપ્લોમાં ઈન આઈટી. એન્જી. થયાં

મુંબઈના શ્રી નરેશ મુકુંદરાય તથા સ્મૃતિબેન બુચનાં પુત્રી કુ. વૃષ્ટિ બુચ શ્રી ભગુભાઈ મફતલાલ પોલીટેકનીક-મુંબઈ માંથી ડિપ્લોમાં ઈન આઈ ટી એન્જીનીયરીંગની પરીક્ષામાં ૯૦% મેળવી કોલેજમાં પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થયાં. તેઓ શ્રી સ્વ. મુકુન્દરાય મગનલાલ બુચ તથા શ્રીમતી પ્રવીણાબેનના પૌત્રી તથા શ્રી પ્રદ્યુમ્ન દૂર્ગાશંકર રીડાણી તથા શ્રીમતી રાગીણીબેનના દોહિત્રી થાય.તેણી હવે ડીગ્રી અભ્યાસ શરૂ કરશે.



## કુ. વિશ્વા નરેશ બુચ ફિઝીયોથેરાપીસ્ટ થયાં

મુંબઈ વસતા શ્રી નરેશ મુકુન્દરાય તથા સ્મૃતિબેન બુચનાં પુત્રી ચિ. વિશ્વા બુચ શ્રી ડી.વાય. પાટીલ મેડીકલ કોલેજ-પૂનામાંથી બીપીટીની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ ફિઝિયોથેરેપીસ્ટની ડીગ્રી મેળવી. તેઓ શ્રી સ્વ. મુકુન્દરાય બુચ તથા શ્રીમતી પ્રવીણાબેનના પૌત્રી તથા શ્રી પ્રદ્યુમ્નભાઈ દૂગાશંકર રીંડાણી તથા શ્રી રાગિણીબેનના દોહિત્રી થાય. તેઓ વિશેષ અભ્યાસ અર્થે વિદેશ જવાની તૈયારી કરી રહયા છે. બંને બહેનોને અભિનંદન.

## કલા જગતનું નજરાણુ...ધ્વનિત વૈશ્નવ



મૂળ ભુજના શ્રી નરેશભાઈ વૈશ્નવના પૌત્ર તે ચિરાગભાઈ અને શ્રીમતી અર્ચનાબેનના પુત્ર ચિ. ધ્વનિત ઘણી જ નાની વયથી માતા પિતાના કલાસિંચનથી પ્રગતિ સાધી રહેલ કલાકાર છે. આ વારસાને તે સતત શોભાવી અને દીપાવી રહેલ છે. પિતા નાનપણથી જ તબલાવાદક અને રીધમીસ્ટ છે તો માતા ભારત નાટયમ્ના જ્ઞાતા છે. તેઓ વ્યવસાય સાથે કલાને શોખ તરીકે વિકસાવી કોરીઓગ્રાફી કરે છે. ઘણી સ્પર્ધાઓમાં વિજેતા બન્યાં છે. બીજા પુત્ર મોડેલીંગમાં રત છે.

આમ 'મોરનાં ઈંડા ચીતરવાં ના પડે' તે ઊકિત મુજબ ચિ. ધ્વનિત ૨ વર્ષની વયે ફેન્સી ડ્રેસ સ્પર્ધામાં પ્રથમ, તબલાંવાદનમાં ઝાકીરહુસેનનું બીરૂદ મેળવેલ છે, ઓલ ઈન્ડિયા ચાઈલ્ડ મોડેલ હેર કોમ્પીટીશનમાં પ્રથમ રનર અપ, બુગી-વુગી ૨૦૦૮માં 'હિંમતકી કિંમત'કાર્યક્રમમાં 'ટોપ ટેન'માં પસંદગી, જુનિયર આઈડોલ ઓફ જનરલ મોટર્સ સ્પર્ધા-૨૦૦૯માં પ્રથમ વિજેતા, ૨૦૧૦-ડાન્સ સ્પર્ધામાં ડાયરેકટર એન્ડ વ્યુઅર્સ ચોઈસ એવોર્ડ (ટ્રોફી) વિજેતા, 'ઈટીવી ગુજરાતીના કાર્યક્રમ 'કર ધમાલ ગુજરાત'ના ૮ બોયઝ કલાકારોમાં પસંદગી પામેલ. આ ઉપરાંત પણ તેમણે તબલાં, ગીત,ડાન્સ અને મોડેલીંગની અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈ ઈનામો મેળવ્યાં છે. આગે બઢો...

## દૂરદર્શનના 'બેસ્ટ સ્ટ્રીન્ગર'નો એવોર્ડ મેળવતાં શ્રી ભાસ્કર વૈદ્ય



અમદાવાદના SPIPA ખાતે તા ૧૮-૭-૧૧ના રોજ દૂરદર્શનના રાજ્યભરના તમામ પ્રતિનિધીઓની એક પરિસંવાદનું આયોજન દૂરદર્શન ડાયરેકટર જનરલ દિલ્હી એસ.એમ.ખાનની અધ્યક્ષતામાં કરાયું હતું. આ પ્રસંગે દૂરદર્શનના ગુજરાતભરના પ્રતિનિધીઓમાં ઉત્કૃષ્ટ કામગીરી માટે ત્રણ સ્ટ્રીન્ગરોને વર્ષ ૨૦૧૦-૧૧માં એવોર્ડ એનાયત કરાયા  જેમાં સોમનાથ-પ્રભાસપાટણના ભાસ્કર વૈદ્યનો સમાવેશ થતાં તેઓનું ડાયરેકટર જનરલના હસ્તે દૂરદર્શન તેમજ આકાશવાણીના ઉચ્ચ પદાધિકારીઓની ઉપસ્થિતીમાં શિલ્ડ આપી વિશેષ સન્માન કરવામાં આવ્યુ હતું. શ્રી ભાસ્કરભાઇએ આ તકે જણાવ્યું હતું કે આ સન્માન કોઈ એક વ્યકિતનું નહી પરંતુ સમગ્ર દૂરદર્શન પરિવાર અને પ્રતિનિધીઓનું છે.

## શ્રી હાટકેશ મિત્ર મંડળનો ત્રિવિધ કાર્યક્રમ

ભાવનગર ખાતેની સંસ્થા શ્રી હાટકેશ મિત્ર મંડળ તરફથી વિધાર્થીઓને શૈક્ષણિક ઈનામો આપવાનો તેમજ જ્ઞાતિની વિભૂતિઓશ્રી પ્રણવભાઈ રવીન્દ્રભાઈ મહેતા(પ્રિયદર્શની એવોર્ડ વિજેતા ૨૦૧૧) અને બ્રિગેડીયર શ્રી બંકીમભાઈ પારઘીનું સન્માન કરવાનો અને પ્રાતઃસ્મરણીય દેવેન્દ્રભાઈ દેસાઈ ,અજીતરાય ઓઝા અને પિનાકીનભાઈ મહેતાને સ્મૃતિવંદન કરવાનો અને તેમના પરિવારજનોને સન્માનિત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના પ્રમુખસ્થાને શ્રી બંકીમભાઈ વિજયરાય વૈદ્ય અને અતિથિ વિશેષ પદે શ્રી કિરણભાઈ સનતભાઈ ઓઝા ઉપસ્થિત રહેલ. સમગ્ર ગુજરાત નાગર પરિષદ (મહામંડળ)ના પ્રમુખ અમદાવાદના શ્રી નરેશભાઈ રાજાની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમની શરૂઆત ભૂમિબેન મહેતાએ પ્રાર્થના સાથે કરી હતી.મહાનુભાવોનો પુષ્પગુચ્છથી સ્વાગત બાદ આવકાર પ્રવચન શ્રી શૌનકભાઈમહેતાએ કર્યુ હતું.શ્રી પ્રણવભાઈ મહેતાનું સન્માન  જાગૃતિ દેસાઈ અને બ્રિગેડીયર શ્રી બંકિમભાઈ પારઘીનું સન્માન અમુલ દેસાઈ એ કર્યુ હતું. પ્રાતઃસ્મરણીય એવોર્ડ દેવેન્દ્રભાઈ દેસાઈના પરિવાર વતી શ્રી જવલંતભાઈને શ્રી દધિચી મહેતાના હસ્તે અપાયો હતો. તેમજ ડો. અજીતરાય ઓઝાના પરિવાર વતી શ્રી કુલીનભાઈ ઓઝાને  શૌનકભાઈ ઓઝાએ આપ્યો હતો. તથા પિનાકીનભાઈ મહેતા પરિવાર વતી શ્રી પાર્થિત મહેતાને હરકાંતભાઈ દેસાઈએ સ્મૃતિવંદના સાથે એવોર્ડ આપ્યો હતો.

આ પ્રસંગે નિર્મળકેતુ મહેતાએ શરૂ કરેલ છેલ્લાં ૪૦ વર્ષથી દધિચિ મહેતાના તંત્રી પદે પ્રસિધ્ધ થતું 'લોકસેવક' ૪૧માં વર્ષમાં પ્રવેશ કરતા સંસ્થા તરફથી  તંત્રીશ્રી દધિચી મહેતાને શ્રી શૌનક મહેતાએ શુભેચ્છા પ્રતીક આપી શુભેચ્છા પાઠવી હતી. શ્રી કિરણભાઈ ઓઝા તથા શ્રી બંકિમભાઈ વૈદ્યને પણ સ્મૃતિભેટ આપવામાં આવી.

પ્રાસંગિક પ્રવચનો બાદ ૪૯ જેટલા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તથા ઈનામો આપવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ખ્યાતિબેન મહેતાએ કર્યુ હતું. કાર્યક્રમના અંતે શ્રી કપિંજલ વોરાએ આભારદર્શન કરેલ હતું. ત્રિવિધ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહયા હતા.

## ઉચ્ચ ગુણાંક સાથે ઉતીર્ણ



કોટા રાજસ્થાન સ્થિત શ્રી સુશીલ તથા શ્રીમતી વંદના યાજ્ઞિકના પુત્ર વર્ચસ્વ યાજ્ઞિક તાજેતરમાં લેવાયેલ સી.બી.એસ.ઈ.બોર્ડની ધો.૧૨ની પરીક્ષામાં ૯૧.૮૪% સાથે ઉતીર્ણ થયા. આ ઉપરાંત સીપીટીની પરીક્ષામાં પણ ઉચ્ચ ગુણાંક સાથે સફળતા મેળવી. ચિ. વર્ચસ્વ કોટા(રાજસ્થાન)ના જ્ઞાતિસેવક અને બરછી પ્રતિનિધિ શ્રી આર.એન. નાગરના દોહિત્ર થાય.

# સમાચાર સંચય

● **રાજકોટ :** ડો. શ્રી દેવેન્દ્રભાઈ આણંદલાલ મંકોડીના નિવાસસ્થાન(ચંદ્રાનંદ,૩/એ વિદ્યાકુંજ સોસાયટી,અમીન રોડ) ખાતે તા. ૨૮/૯ થી ,૪/૧૦ સુધી નવરાત્રી ઘટસ્થાપન કરવામાં આવનાર છે. દર્શન આરતીનો લાભ લેવા આમંત્રણ છે.

● શ્રી અંબરીષ એ. હાથીના નિવાસસ્થાન (બી-૨૦૩ શ્રી સદગુરૂ વિહાર ગોવિંદભાઈની વાડી સામે એરપોર્ટ રોડ)ખાતે તા. ૨૮-૯ થી ૫-૧૦ દરમિયાન નવરાત્રી ઘટસ્થાપન કરવામાં આવનાર છે સવારની આરતી ૯ તથા સાંજે ૭ વાગ્યે થશે.૫-૧૦ ના રોજ સવારે ૧૧ કલાકે બીડું હોમાશે. લાભ લેવા આમંત્રણ છે.

● વિનોદરાય કે.બુચ (દિવ્યવિનોદ, સદગુરુ પાર્ક, બ્લોકનં. ૨૮ કિડવાઈનગર મેઈન રોડ, ૧૫૦' રીંગ રોડ) ખાતે ૨૮/૯ થી ૪/૧૦ સુધી 'મા જગદંબા'નું ઘટસ્થાપન કરવામાં આવેલ છે. દર્શન આરતીનો લાભ લેવા આમંત્રણ છે. સવારની આરતીઃ૮ઃ૩૦ સાંજે-૭ઃ૩૦ વાગ્યે થશે.

● અ.ભા.નાગર પરિષદની યાદી જણાવે છે કે સંસ્થા તરફથી નીચે પ્રમાણે શિષ્યવૃત્તીઓ આપવામાં આવે છે...વર્ષ-૨૦૧૧માં ધો. ૧૨માં ઉત્તીર્ણ થઈ મેડીકલ/એન્જીનીયરીંગમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીને, વર્ષ-૨૦૧૧માં સી.એ./એમ.બી.એ. પૂર્ણ કરેલ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને- બહેનોને પ્રથમ પસંદગી, વર્ષ-૨૦૧૧માં કોમ્પ્યુટર ડિગ્રી/ડિપ્લોમા પાસ થયેલ અથવા પ્રવેશ મેળવનાર બહેનોને, વર્ષ-૨૦૧૧માં અંગ્રેજી/સંસ્કૃત/ગુજરાતી વિષય સાથે અને કોમર્સ/એન્જી.માં સ્નાતક થયેલ વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓને. આ માટે માત્ર સૌરાષ્ટ્ર કચ્છના પરીક્ષા કેન્દ્ર માંથી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓએ શ્રી જે. ટી. બક્ષી, સદગુરૂ કોમ્પ્લેક્ષ, રૈયા રોડ,(મો. ૯૮૨૫૨૬૮૩૯૦) અથવા શ્રી અરૂણ ભટ્ટ 'સાંઈ કૃપા' ૬ ગાયકવાડી, (મો. ૯૪૨૭૨ ૬૮૩૪૯) ખાતેથી ફોર્મ મેળવી તા. ૩૧-૧૦-૧૧ સુધીમાં પરત કરવાના રહેશે.

● શ્રી નીલેશભાઈ તથા શ્રીમતી નીધીબેન કીકાણીના પુત્રી ચી. વિધિ કીકાણી માર્ચ-૨૦૧૧માં લેવાયેલ બી.બી.એ.ની પરીક્ષામાં ઉતીર્ણ થઈ ટી.સી.એસ. કંપનીમાં વડોદરા ખાતે જોડાયાં.તેણી શ્રીમતી સોનલ સાગઠિયા સંચાલિત કંકણ ગરબા ગૃપ દ્વારા ભારત સરકારના સૌજન્ય થી દુબઈ, સાઉથ આફ્રિકા અને રશિયામાં ગરબા પ્રદર્શિત કરવા જઈ આવ્યાં.

● તા. ૨૫-૮-૨૦૧૧ના રોજ આકાશવાણીના 'પનઘટ' કાર્યક્રમમાં દીપશિખા લેડીઝ ગૃપની બહેનોએ વિવિધતાસભર કાર્યક્રમ આપ્યો. જેમાં શ્રીમતી ધારિણીબેન છાયા, કુ. કોમલ વૈષ્ણવ, મૈથીલિબેન ત્રિપાઠી, અર્પણાબેન પંડયા, ઉષ્માબેન ત્રિવેદી, ઉષ્માબેન નાણાવટી, નંદીનીબેન શુકલ તથા દ્રષ્ટિબેન પાઠક દ્વારા 'ઉત્સવોનું મૂલ્ય' વિષયક વાર્તાલાપ, શ્રાવણી ભજનો તેમજ ફરાળી વાનગીની રજુઆત કરી હતી. હાર્મોનિયમમાં શ્રી ભૂષણભાઈ પાઠકે સેવા આપેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. કોમલ મનહરભાઈ વૈષ્ણવે કર્યું હતું.

● સૌરાષ્ટ્રના ભૂતપુર્વ રણજી ટ્રોફી ખેલાડી શ્રી શિરીષ બુચની ચેમ્પીયન્સ લીગ-ટી-૨૦માં સમરસેટ (ઈંગ્લીશ)ની ટીમના લાયેઝન ઓફીસર તરીકે નિમણુંક કરવામાં આવી છે. આ અગાઉ પણ તેઓ આઈપીએલ, ચેમ્પીયન્સ લીગ તથા વર્લ્ડકપમાં પણ પસંદગી પામેલ.

- પી.ડી.યુ. સીવીલ હોસ્પિટલના ભૂતપૂર્વ તબીબી અધિક્ષક ડો. ધર્મેન્દ્ર જનાર્દનરાય વત્સરાજનાં પુત્રી અને સ્વ. ડો. હૃષીકેશભાઈ ડી. વસાવડાનાં દોહિત્રી ચિ. હીર તાજેતરમાં લેવાયેલ ફાઈનલ બી.એચ.એમ.એસ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ હોમીયોપેથિક ડોકટર થયાં.
- અત્રેના ક્રિસ્ટલ મોલ ગૃપમાં જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતા શ્રી બિરેન રસિકભાઈ બુચ કંપની તરફથી ચીન, હોંગકોંગ,સુઝેન વિ. દેશોના વિદેશ પ્રવાસે જઈ આવ્યા.
- આકાશવાણી રાજકોટ ઉપરથી પ્રસારિત થતા બાળકો માટેનાં બાલસભા કાર્યક્રમમાં દેવન વસાવડાના માર્ગદર્શન અને સંચાલન હેઠળ તા. ૧૧-૯ ના રોજ એસ.એન. કે સ્કૂલના બાળકોએ વિવિધતાસભર કાર્યક્રમ રજુ કર્યો.
- કુ. પવિત્રી બાલેન્દુભાઈ આચાર્ય સી.એ. આઈ.પી.સી.સી.માં ઉતીર્ણ થયાં.
- આનલ ધવલભાઈ અવાશિયા એમ.કોમ. પાર્ટ-૧માં પ્રથમ વર્ગ સાથે ઉતીર્ણ થયાં.
- કુ. કુણાલી નરેશચંદ્ર બુચ એમ.કોમ.પાર્ટ -૧ માં ઉતીર્ણ થયાં.
- કુ. માર્ગી અશોકભાઈ વછરાજાની ડિપ્લોમા સી.ઈ.માં ૯૧% સાથે ઉતીર્ણ થયાં.
- **ભાવનગર :** શ્રી ગોધા હાટકેશ્વર મહાદેવ ફંડ,ભાગનગરના ઉપક્રમે શ્રી ગોધા હાટકેશ્વર મહાદેવ મંદિર ઘોઘા ખાતે કિરાતભાઈ વોરા તથા કૈરવભાઈ વૈદ્યના યજમાનપદે તથા ભાવનગર હાટકેશ્વર મહાદેવ મંદિરમાં મૌલિક યજ્ઞેશભાઈ દેસાઈ, નિર્સગભાઈ ઓઝા તથા ગં.સ્વ. કુરંગીબેન ભરતભાઈના યજમાનપદે લઘુરુદ્ર પૂજન, આચાર્ય શ્રી મહીપતભાઈ જોષીના આચાર્યપદે શાસ્ત્રોકત વિધી અનુસાર કરવામાં આવેલ.ઘોઘા ખાતે ફરાળની વ્યવસ્થા કરવામાં આવેલ તથા ભાવનગર ખાતે પ્રસાદી આપવામાં આવેલ. બંન્ને કાર્યક્રમમાં મોટા પ્રમાણમાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહેલ. બંન્ને કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓએ, પ્રમુખશ્રીએ તથા સભ્યોએ જહેમત ઉઠાવેલ.
- જ્ઞાતિનાં ૨૨ થી ૨૫ વર્ષના યુવાનો દ્વારા તા ૧૪-૮-૧૧ ના રોજ જ્ઞાતિ અગ્રણી શ્રી હરકાંતરાય દીનકરરાય દેસાઈ તથા મહાનગરપાલીકાના બાંધકામ સમિતિના પ્રમુખ શ્રી હીમાશુંભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાય ગયો.જેમાં ૧૫ રકતદાતાઓએ રકતદાન કરેલ.આ કાર્યક્રમને સફળ બનાવવામાં ખિતાબ ઓઝા, દર્શન વોરા, અમીત દેસાઈ, રૂચીર ઓઝા તથા ઋત્વિશભાઈએ જહેમત ઉઠાવેલ.
- **જામનગર :** મોહક ધવલભાઈ માંકડે અમદાવાદ ખાતે એલ.જી. મેડીકલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો.અત્રે નોંધ લેવી ઘટે કે સ્વ. માર્કન્ડરાય બી. માંકડ નવાનગર રાજયમાં ૩૦ વર્ષ સુધી મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવેલ.ત્યારબાદ ૧૫ વર્ષ સ્વતંત્ર પ્રેકટીસ કરેલ તેમના પૌત્ર ડો. ધવલ હરદેવભાઈ માંકડ ૧૫ વર્ષથી તબીબી વ્યવસ્યાયમાં રત છે. તેમના જમાઈ ડો. એચ.પી બક્ષી અને તેમના પુત્ર ડો. ભરત બક્ષી. આ તબીબી ક્ષેત્રના આ વટવૃક્ષનું જતન કરવા પ્રપૌત્ર મોહક આગળ વધી રહયા છે. શુભેચ્છા.
- શ્રીમતી કલગી માંકડ ગુજરાત આર્યુર્વેદીક યુનિવર્સિટી દ્વારા લેવાયેલ 'સર્ટીફીકેટ ઈન યોગા એજયુકેશન' ની પરીક્ષામાં ડીસ્ટીંકશન સાથે યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન સાથે ઉતીર્ણ થયા.
- ઈ ટી વી પરથી પ્રસારિત થતા રસોઈ શોમાં અ.સૌ. વિધિ હાર્દીક માંકડે જામનગરી ઘુઘરા બનાવી પોતાની રસોઈકળા પ્રર્દશિત કરેલ.

- અ. સૌ. રશ્મિબેન જયેશ પોટા તથા અ.સૌ. ઉમાબેન નિખિલ બુચ ઈ ટીવીની 'રસોઈ મહારાણી મેગા સ્પર્ધા-૫માં પસંદગી માટે પરફોર્મન્સ આપવા રાજકોટ જઈ આવ્યાં. જયાં તેઓ બંન્નેએ અનુક્રમે પરવળનું શાક તથા સ્ટફ કાચા ઢોકળાા વીથ ગ્રેવીની વાનગી બનાવેલ.
- શ્રી હાર્દિક જર્નાદન બક્ષીએ નવ નિવાસમાં કુટુંબીજનો અને સ્નેહીજનોની ઉપસ્થિતિમાં ગાયત્રી હવન કર્યો.
- શ્રી હરિહરભાઈ જનકપ્રસાદ બક્ષીને ત્યાં ૧ દિવસીય ગણેશસ્થાપન કરાયેલ.
- શ્રી નાગર સોશ્યલ ગ્રુપ મેડીકલ એઈડ ટ્રસ્ટના ઉપક્રમે સંસ્થાના મેડીકલ એડવાઈઝર ડો. કેયુરભાઈ બક્ષીના સહકારથી સભ્યો-દાતાઓ માટે તા. ૧૦/૯ થી ૧૪/૯ સુધી 'હેલ્થ ચેકઅપ' કેમ્પ યોજાય ગયો. જેનો ૧૨૦ સભ્યો-દાતાઓએ લાભ લીધો.
- **અમદાવાદ :** અત્રેના હિતાર્થ પંકજભાઈ મંકોડી જીવીકે ઈન્ટરનેશનલ એરપોર્ટ બેંગલોર ખાતે ટર્મીનલ ઓપરેશન હેડ તરીકે જોડાયા.
- **મુંબઈ :** શ્રી અનિરૂધ્ધભાઈ તથા શ્રીમતી ગ્રીષ્માબેન માંકડ ન્યુઝીલેન્ડ તથા મલેશીયાના પ્રવાસે જઈ આવ્યા.
- અત્રે એમબીએ થયા બાદ કોલગેટ પામોલીવ કંપનીમાં કસ્ટમર કેર ડેવ. ઓફીસર તરીકે ફરજ બજાવતા ગૌરવ કિશોરભાઈ બુચ તાજેતરમાં પીજીડીબીએમએમ (માર્કે.મેનેજમેન્ટ)ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા.
- **વડોદરા :** એનર્જી ઈન્ડિયામાં જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતા શ્રી જગદીપભાઈ છાયાએ ડીપાર્ટમેન્ટ હેડ તરીકે બઢતી મેળવી. જેઓ સહપરિવાર યુરોપના પ્રવાસે જઈ આવ્યા.
- ડો. દર્શન કે. છાયાએ તેમના બીજાં કલીનીકનું ઉદ્‌ઘાટન કર્યુ.
- શ્રીમતી સંધ્યા ભવજીત જીકાર ૪૦ દિવસનાં યુ.કે.ના પ્રવાસે જઈ આવ્યાં.તેમનાં પુત્રી ચિ. મેઘા લંડન ખાતે એમ.બી.એ.નો અભ્યાસ કરી રહયાં છે અને તાજેતરમાં બ્રિટિશ ગવર્નમેન્ટમાં એડમીનીસ્ટ્રેટર (એચ.આર.) તરીકે ઈન્ટર્નશીપમાં જોડાયાં.
- સરકાર માન્ય 'જાગૃત ગ્રાહક મંડળ' સભ્ય ડો. રાજેન્દ્ર કે. હાથીનો 'વિદ્યાર્થીઓ અને ગ્રાહક સુરક્ષા' વિષયક વાર્તાલાપ આકાશવાણીના તમામ કેન્દ્ર પરથી શૈક્ષણિક કાર્યક્રમમાં રજૂ થયો.
- શ્રીમતી લેખા રાજેન્દ્ર હાથીની રાવપુરા ખાતેના શ્રી સાંઈનાથ ભકત મંડળ સંચાલિત સાર્વજનિક રાહત દવાખાનામાં આયુર્વેદ કન્સલ્ટન્ટ તરીકે નિમણુંક થઈ.
- **જૂનાગઢ :** અત્રેના નિર્મેષ સંજીવકુમાર વોરા (શ્રી જનકભાઈ કાંતીરાય વોરાના પૌત્ર અને હરકાંતભાઈ દિલીપભાઈ ત્રિવેદીના દોહિત્ર) અમદાવાદ ડેન્ટલ કોલેજમાંથી ફાઈનલ બી.ડી.એસ.માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ સોલા સીવીલ હોસ્પિટલમાં ઈન્ટર્ન તરીકે જોડાયા.
- જ્યારે મહેશ સંજીવકુમાર વોરા એમ.એસ. યુનિવર્સિટી માંથી પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા.
- કુ. માર્ગી કલ્પિતભાઈ નાણાવટી એમ.બી.એ.માં ૯૦% સાથે ઉતીર્ણ થયાં.
- મીત કેયુરભાઈ ધોળકિયા બી.ઈ.સીવીલ ૪ સેમેસ્ટરમાં પ્રથમવર્ગમાં ઉર્તીણ થયાં.

- બાળ પ્રતિભા શોધ અંતર્ગત યોજાયેલ જુનાગઢ જિલ્લા તરણ સ્પર્ધામાં વ્યોમ આશિષભાઈ માકંડે ૫૦ મી. ફ્રી સ્ટાઈલ અને ૫૦ મી. બેકસ્ટ્રોકમાં પ્રથમ સ્થાન મેળવ્યું ,જયારે ક. મહેક આશિષભાઈ માકંડે ૫૦ મી. ફ્રી સ્ટાઈલમાં પ્રથમ સ્થાન મેળવ્યું. બંન્ને રાજય કક્ષાએ ભાગ લેવા પસંદગી પામ્યા.
- કૌશલ પરેશભાઈ વસાવડા બી.ઈ.(મીકે.)સેમે. ૪માં ૭૫% સાથે ઉત્તીર્ણ થયા.
- **વેરાવળ :** શ્રી મુકેશભાઈ બી. વૈદ્ય પીજીવીસીએલ માંથી નિવૃત્ત થતાં તેમજ તેઓની 'ષષ્ઠીપૂર્તિ' પ્રસંગ નિમિત્તે હવન તથા સ્વરૂચિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.
- હાટકેશ પરિવાર દ્વારા શહેરને પાણી પૂરૂં પાડતા ઉમરેઠી ડેમના પ્રવાસનું શ્રી દિનેશ વૈશ્નવ તથા તેમની ટીમની જહેમતથી કરવામાં આવેલ.

## સગપણ સગાઈ :

♣ અંકલેશ્વરના દિલીપભાઈ વૈષ્ણવના પુત્ર નીરજનું સગપણ વડોદરા સ્થિત વિનોદરાય યાજ્ઞિકના પુત્રી પ્રતિક્ષા સાથે. ♣ જુનાગઢ સ્થિત મૌલિક પ્રદીપકુમાર ભટ્ટનું સગપણ જુનાગઢનાં અંજલિ કલાપીભાઈ નાણાવટી સાથે. ♣ વડોદરા સ્થિત ધીરેનભાઈ બુચના પુત્રી અનીતાનું સગપણ વડોદરા સ્થિત કુમારભાઈ માંકડના પુત્ર ડો. અંકિત સાથે. ♣ ભાવનગર સ્થિત પર્જન્ય ઉમેશભાઈ ઓઝાનું સગપણ વિસનગરા નાગર મયુરી જયેશભાઈ વ્યાસ સાથે. ♣ રાજકોટ સ્થિત કામાક્ષી અનીલકુમાર બુચનું સગપણ અમદાવાદ નિવાસી નીરજ પ્રસન્નકુમાર સ્વાદિયા સાથે. ♣ જામનગરનાં નિમીતા યદુનંદન બુચનું સગપણ જૂનાગઢ ના અભય મધુભાઈ છાયા સાથે.


### --- મંગલ મેરેજ બ્યુરો ---

સંપર્ક કરો : ૦૨૮૧ ૨૫૭૦૬૮૧
સમય : ૧૧:૩૦ થી ૨ – ૬:૩૦ થી ૭:૩૦
MAIL ID mamtadhebar@yahoo.in

**કન્યા :**
૧) માર્ચ–૭૫ MA.GPSC પાસ, લેકચરર યોગ્ય પાત્ર માટે નોકરી છોડવા તૈયાર
૨) ઓગષ્ટ–૮૦ MCA હાલ અમેરીકા NRI પાત્ર આવકાર્ય.
૩) ડીસે.–૮૦ BA (ઈંગ્લીશ મીડીયમ) નોકરી કરતી કન્યા માટે વેલસેટલ્ડ યુવક આવકાર્ય.
૪) નવે.–૮૦ BDS માટે સમકક્ષ અથવા વેલસેટલ્ડ માસ્ટર ડીગ્રી યુવક આવકાર્ય.
૫) મે–૮૧ MA (ઈંગ્લીશ મીડીયમ) ઈવેન્ટ મેનેજમેન્ટ/ એકસપોર્ટ બીઝનેસ માટે યુવક.

### + હિમશ્રી કિલનીક +

**ડૉ. તૃપ્તિ ગૌરાંગ છાયા**
બી.એ.એમ.એસ.

+ **આયુર્વેદિક કન્સલ્ટન્ટ**
+ **પંચકર્મ નિષ્ણાત**
+ **કેન્દ્ર સરકારના માન્ય તબીબ**
+ CMO **: ઓમ હેલ્થ રીસોર્ટ**

મળવાનું સરનામું :
૯ સંદરમ્ સોસાયટી,
હરિનગર, ગોત્રી,
વડોદરા.
સમય : સવારે ૧૦ થી ૧
સાંજે એપોઈન્ટમેન્ટથી જ
Mo. : 97266 92164
Ph. : 0265 - 2973851

## માંડવીના કેળવણીકાર બચુભાઈ ધોળકિયાનું દેહાવસાન



જૂની પેઢીના કેળવણીકાર અને માંડવી ખાતેની જી. ટી. હાઈસ્કૂલના નિવૃત્ત શિક્ષક શ્રી બચુભાઈ એલ. ધોળકિયાનું ગત માસમાં મુંબઈ ખાતે દેહાવસાન થયું. મૂળ ભુજના બચુભાઈએ માંડવીની જી. ટી. હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે વર્ષો સુધી સેવા આપી ૧૯૭૮માં નિવૃત્ત થયા. જે દરમ્યાન કેળવણી ક્ષેત્રે સારી લોકચાહના મેળવી. ત્યારબાદ ૧૯૭૯થી ૯૦ સુધી મસ્કત ખાતે ઈન્ડિયન એસો. સંચાલિત વિદ્યાલયમાં આચાર્ય તરીકે સેવા આપી હતી. ઉપરાંત મસ્કત ગુજરાતી સમાજના પાયોનિયર બની રહેલ. શિક્ષકની કારકિર્દી પૂર્વે તેઓ મુંબઈ ખાતે સાંધ્ય દૈનિકમાં પત્રકાર તરીકે જોડાયા હતા. ત્યારબાદ સ્વ. ફૂલશંકરભાઈ પટ્ટણી સાથે 'જય કચ્છ'માં સહયોગી રહયા હતા.

ગુરૂ શિષ્યની પરંપરાની સાચી સમજ સમયના આવા સાચા શિક્ષકની વિદાયથી સમાજ ખરે જ રાંક બનતો હોય છે ! દિવંગત આત્માની શાંતિ પ્રાર્થના સહ શ્રધ્ધાસુમન.

## શ્રી સમસ્ત નાગર વિદ્યોતેજક મંડળ, જૂનાગઢ

જુનાગઢની શ્રી સમસ્ત નાગર વિદ્યોતેજક મંડળ તરફથી પ્રતિવર્ષ મુજબ ધો. ૧૦/૧૨માં ઉતીર્ણ થયેલા તેજસ્વી તારકોને સન્માનવાનો પ્રેરક કાર્યક્રમ સંસ્થાના પ્રમુખશ્રી ડો. મહેન્દ્રભાઈ નાણાવટીની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ. પ્રાર્થના બાદ સંસ્થાના ઉપપ્રમુખશ્રી મધુભાઈ વસાવડાએ શાબ્દિક આવકાર પ્રવચન બાદ સંસ્થાકીય અહેવાલ સુ. શ્રી પ્રચેતાબેન વોરાએ આપેલ. સંસ્થાના મંત્રીશ્રી મધુભાઈ કીકાણીએ જ્ઞાતિજનોના પ્રેરક પ્રોત્સાહન બદલ આનંદ વ્યકત કરી આગામી આયોજન જણાવેલ. અતિથિ વિશેષના પ્રવચન બાદ તેજસ્વી તારકોને કાસ્ટ શિલ્ડ સહિત તમામને સાત થી આઠ લેજર રજીસ્ટર તેમજ આકર્ષક બોલપેન દાતાઓના હસ્તે આપવામાં આવેલ.સંસ્થાના સહમંત્રીશ્રી વિમલભાઈ વોરાના આભારદર્શન બાદ અલ્પાહાર તથા ચીકુ શેઈકને ન્યાય અપાયો હતો.વિવિધ દાતાઓ પૈકી શ્રી હર્ષિતભાઈ બક્ષી તરફથી શિલ્ડ તેમજ કુ. રશ્મિબેન કીકાણી તથા હર્ષકાન્ત વૈદ્ય તરફથી ચોપડા,રજીસ્ટર આપવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. ફોરમ શુકલએ કર્યું હતું.

## – અનંતના યાત્રીઓ –

– ભોળાનાથ (નાથજીભાઈ) જે. માંકડનું જામનગર ખાતે.– રશ્મિભાઈ જે. દેસાઈનું ૭૩ વર્ષની વયે ભાવનગર ખાતે.– મૂળ માંગરોળનાં ભાસ્કરરાય કનૈયાલાલ નાણાવટીનું ૮૮ વર્ષની વયે મુંબઈ ખાતે– રમેશભાઈ ઈન્દુભાઈ મારૂનું ૭૨ વર્ષની વયે અમદાવાદ ખાતે.– અસ્મિતાબેન ઓઝાનું ૭૦ વર્ષની વયે ભાવનગર ખાતે.– રમેશભાઈ (તરુણભાઈ)ગણપતરાય અંતાણીનું ૮૫ વર્ષ વડોદરા ખાતે.– વિજયકુમાર સનતરાય બુચનું વડોદરા ખાતે.– ગજેન્દ્રરાય મગનલાલ બુચનું ૮૫ વર્ષની વયે વડોદરા ખાતે.– જુનાગઢ નાં સુધીરચંદ્ર ઉમંગલાલ વોરાનું ૭૫ વર્ષની વયે વડોદરા ખાતે.– દિનેશચંદ્રમનવંતરાય વોરાનું ૭૫ વર્ષ વયે માંગરોળ ખાતે.– શ્રીમતી અરૂણાબેન સુરેન્દ્રરાય વોરાનું ૭૫ વર્ષની વયે વડોદરા ખાતે– શ્રીમતી મંદાકીનીબેન પ્રવીણરાય જોષીપુરાનું જુનાગઢ ખાતે.– ગં.સ્વ. પ્રમીલાબેન દેસાઈનું પ્રભાસપાટણ ખાતે.– જોધપુર સ્થિત ગં. સ્વ. જમુનાબેન સુર્યોદત્ત ત્રિવેદીનું ૯૩ વર્ષની વયે મુંબઈ ખાતે.

## વડીલોનો શું દોષ (એક વૈચારિક મંતવ્ય)

- મનહરભાઈ જે. વૈષ્ણવ, રાજકોટ.

અત્યારે લગભગ તમામ સામયિકોમાં,ટી વી સીરીયલમાં રીયાલીટી પ્રોગ્રામમાં વાર્તાલાપમાં, અરે સંતોના સાત્સંગિક પ્રવચનોમાં પણ એક બાબતને જાણે ઘુંટી ઘુંટી ને કહેવામાં આવે છે કે વડીલો એ તેમની ઉમર ને ધ્યાને લઈને સંસાર વ્યવહારમાં યુવાનોની વાતોમાં માગ્યા વગર પોતાનું મંતવ્ય ન આપવું અને તેમના કાર્યોમાં ચંચુપાત ન કરવો. વાત પ્રથમ દ્રષ્ટિએ વ્યાજબી લાગે.બે પેઢી વચ્ચે સ્વાભાવિક વિચારભેદ હોય એટલે તેમાં થોડો અલગતાવાદ જોવા મળે. પરંતુ નદી ઉપર બાંધવામાં આવેલ પુલનો જમણી બાજુનો થાંબલો (એબટમેન્ટ) જેટલો મહત્વનો છે એટલોજ ડાબી બાજુનો મહત્વનો છે. અન્યથા પુલ બાંધી નદી ઓળંગી જ ન શકાય. વાતોમાં સંસાર ને સાગર કહીને તે પાર કરવાની શીખ આપવામાં આવે છે. તો પછી બે પેઢી રૂપ આ બે થાંભલાની અવગણના શામાટે ? વળી વડીલો એ કોઈ ખેતરમાં ઉભા કરાયેલા ચાડિયા નથી.વડીલ તો એવું બીજ છે જે જમીનમાં ઊંડે ઉતરી મૂળિયા મજબુત કરી થડ,પાંદડા, ફુલ અને ફળને વિકસાવે છે. અને પોતાની વિશાળતાનો છાંયો આપે છે. અને તે જ પ્રકારની પ્રેરણા તેમના ફળમાંથી નીકળતા બીજને પણ આપે છે

આજની પેઢી અને ખાસ કરીને યુવાનોના માનસમાં એક બાબત ઘર કરી ગઈ છે કે વડીલોની વિચારધારા જુની અને ઘસાઈ ગયેલ છે. આજના વિચારો સાથે બંધબેસતી નથી.મારે યુવાનોને એક જ પ્રશ્ન છે કે શેરડી યુગો પહેલા મીઠી હતી તો આજના યુગમાં તે મીઠી નથી ? નમક વર્ષો પહેલા ખારું હતું તો આજે નથી ? લીબું વર્ષોથી ખટાશ ધરાવે છે તો શું તેમાં ફેરફાર થયો છે ? સૂર્ય, ચંદ્ર, ઋતુઓ, પૃથ્વીની ગતિ ,કુદરતનો વ્યવહાર શું અત્યારની વિચારસરણી મુજબ બદલાયેલ છે ? તો પછી વડીલો શા માટે પોતાની મૂળભુત વિચારસરણીને અવગણી શકે. બહારગામ જતાં કે પર્યટનમાં જતાં પોતાના યુવાન પુત્ર કે પુત્રીને 'ધ્યાન રાખજો ' જેવા બે શબ્દો કહેવાનો અધિકાર પણ શું વડીલો ગુમાવી ચૂકયા છે ? આ બે શબ્દોમાં કેટલી મોટી શીખ અને ચેતવણી આપી છે તે યુવાન ન સમજે ! વડીલોની અવજ્ઞાથી યુવાનોને શું હાંસિલ થાય છે તે સમજાતું નથી ! ગમે ત્યાં ગમે તેવી પરિસ્થિતિમાં પોતાના નામનો ઉપયોગ કરતી વખતે પાછળ પિતાનું આખું કે એકાક્ષરી નામ લખવું પડતું હોય છે. શું આ આડકતરો ટેકો નથી ?

કોઈ વડીલ તેના યુવાન પુત્ર કે પુત્રીને તે 'કયાં જાય છે' એટલું પુછે તેમાં તેનો શું દોષ ? હા, ' તે શા માટે જાય છે' તે જાણવાની અપેક્ષા રાખે તો તે વડીલની વધારે જિજ્ઞાસા કે જાણવાની વૃતિ યોગ્ય નથી. અલબત હું માત્ર યુવાનોનો દોષ નથી જોતો કારણકે દરેક વ્યકિત જન્મથી બાળ અવસ્થા, કિશોર અવસ્થા અને યુવાન અવસ્થાથી પ્રૌઢ અને પછી વૃધ્ધ થયેલ હોય છે. એટલે વૃધ્ધોને એમ કહેવું કે તમને એ નહીં સમજાય તે તો કેટલી ગંભીર વાત થઈ ગઈ ! હા, વિકસતા જતા જગતનાં આધુનિકરણની વાત હોય કે ઉપકરણની વાત હોય કે નવા સંશોધનની વાત હોય તો બેશક મોટી ઉંમરે તેની સમજ ન હોય કારણકે એ વાત એના સમયની મર્યાદા પણ ન હતી આવતી.પરંતુ વ્યવહારિક અને વૈચારિક બાબતમાં વડીલની અવગણના થાય તે યોગ્ય નથી. રસ્તા ઉપર ખાડો છે તે વડીલ બતાવે તો યુવાને તેની અવગણના ન કરવી જોઈએ. અલબત વાતવતમાં વડીલોએ પોતાનું વડીલપણું નહીં પરંતુ એક મૈત્રી ભર્યું વલણ દાખવવાની જરૂર છે. અત્યારે વાતવાતમાં 'એ મારા મિત્ર છે'એમ કહેવાની ફેશનછે,મૈત્રીની હદ શું છે એ તો મૈત્રી રાખનાર જ જાણે. પણ કહેવાનું એ છે કે હવે વડીલોને મિત્રનો દરજજો આપી યુવાનો તેમની સાથે વ્યવહાર કરશે તો તેને બે પેઢી વચ્ચેનું અંતર છે તે ખુબ જ નજીક દેખાશે.

દોષ કોઈનો નથી માત્ર એક ખુબ જાણીતા શેરમાં આ શીખ આપી શકાય...

અતિ ભલા ના બરસના અતિ ભલી ના ધૂપ, અતિ ભલાના બોલના ઔર અતિ ભલી ના ચૂપ.

**SLK TOURS & TRAVELS**

**PROFESSIONAL TOUR AND TRAVEL SOLUTIONS AT YOUR BUDGET...**

**- Air Travel/Booking**
**- Rail Reservation-Bus booking**
**- Holiday Tours & Packages**
**- Hotel Booking-Car Rental**

**Contact :**

**H.O. PARLE-MUMBAI**
**Ms. Shweta Vaidya 09699444771**
Or Mail @: ***slktravelworld@gmail.com***
***shwet v@gmail.com***

**Branch : SURAT - Mrs. Laxita Buch**
**9825022027 / 9374075275 / 9427888843**
Or Mail @: ***prarthitravels@gmail.com***

**Branch : Ahmedabad**
**Mr. Jaydeep Buch**
**9825593262 / 079-26642506**
Or Mail @: ***jambuch@gmail.com***

**ABM TRAVELS**

**HOLIDAY PACKAGE TOURS**

**Singapore - Malaysia (5N/6D) Rs.48750**
**Singapore-Malaysia-Thailand (9N/10D)**
**Rs.59750 Per Adult/All Inclusive.**

**SPECIAL HONEYMOON TOURS**

Himachal Kerala Goa
Mauritius/Maldives /Thailand /Bali Srilanka

**CRUISE TOURS**

Star Cruise : Singapore-Malaysia-Thailand
Royal Cerribian : Mediterranean / Scandinevia
MSC Cruise : Northan Europe/Mediterranean
Holand American : Alaska/Canada/Bermuda
Indian Cruise : Cochi-Lakshadweep/Maldivess

**LUXURY TOURIST TRAINS**

Palace on Wheels/Royal Rajasthan/Decan Odyssey/Golden Chariot/Maharaja Express

**Booking of International destinations**
**SOTC - THOMAS COOK - COX & KING**
**STAR TOURS - CLUB 7 - KESARI**
**Avinash Mehta, Mumbai 09820817318**
**abmtravels@gmail.com 022-26209168**


## 'બરછી'-લગ્ન વિષયક જાહેરાતનું ફોર્મ

'બરછી'ના ગ્રાહક નંબર__________ ફોન/મો. :__________

જાહેરાત આપનારનું નામ :__________

સરનામું:__________

__________

__________

યુવક / યુવતીનું નામ :__________

અભ્યાસ :__________ વજન :__________

મંગળ છે / નથી ગોત્ર :__________ ઉંમર :__________ જ.તા.__________ ઊંચાઈ :__________

નોકરી/વ્યવસાય :__________

મોસાળ પક્ષ :__________

અન્ય માહિતી :__________

# લગ્ન વિષયક જાહેરાત – સપ્ટેમ્બર (ચાલુ અંક)

ગત માસનો અંક તા. ૨૯/૮ના રોજ પોસ્ટ કરવામાં આવેલ. આ વખતે ૨૦૧૧ના તમામ ગ્રાહકોને અંક મોકલવામાં આવેલ. ટપાલ ખાતાની અનિયતિમતા, વરસાદને કારણે અંક ન મળ્યાની વ્યાપક ફરીયાદ મળી છે. તેમજ અમારા અંગત કારણોસર ફોન સંપર્ક થઈ શકયો ન હોય જેવાં કારણોથી લગ્નવિષયક જાહેરાતથી ગ્રાહકો વંચિત ન રહે તેથી અને નવા ગ્રાહકોને (ઉમેદવારોને પણ) જૂલાઈની જાહેરાતના પાત્રોનો લાભ મળે તે હેતુથી જૂલાઇ તથા ઓગષ્ટની જાહેરાતો ફરીથી પ્રકાશિત કરી રહયા છીએ. પેન કાગળ તૈયાર રાખી, ક્રમ નંબર જણાવી સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન ૦૨૮૧-૨૪૫૩૦૬૩ ઉપર ફોન કરવાથી ફોન નંબર આપવામાં આવે છે. અમારા સંજોગોવસાત આપની સુવિધા સાચવવા તા. ૫/૯ થી બીજી સૂચના ન મળે ત્યાં સુધી બપોરે ૩ થી ૪ દરમ્યાન મોબાઇલ નં. ૯૪૨૮૭૦૦૧૦૫ ઉપરથી પણ લ. વિ. જાહેરાતના ફોન નંબર મેળવી શકશો.નવા કે જૂના ગ્રાહકો તેમના સંતાનો માટે લ. વિ. જાહેરાત આપવા આ સાથે અન્યત્ર આપેલ લગ્નવિષયક જાહેરાતનું ફોર્મ ભરીને કાર્યાલયે મોકલી આપશો. જે વિના મૂલ્ય પ્રસિધ્ધ કરવામાં આવે છે.–તંત્રી

નીચેની જાહેરાતો માંથી કોઈની પણ સગાઈ થઈ ગયેલ હોય તો તે જાહેરાતના ક્રમ નંબર જણાવી તે રદ કરવા જાણ કરવા વિનંતી જેથી બંને પક્ષનો સમય અને ખર્ચનો વ્યય ન થાય. –તંત્રી

(૧) એમ.એ.એક.ફીલ(ચાલુ) જ. ૧૯૮૯,૫'૫" ઉંચાઈની નોકરી કરતી કન્યાને યોગ્ય યુવક. સંપર્કઃ૦૨૮૧

(૨) ICWA ,જ.૧૨/૧૯૮૨,૫'૭" ઉંચાઈના પા.લી.કંપનીમાં આસી.મેનેજર તરીકે નોકરી બરતા માંગલિક યુવકને સમકક્ષ કન્યા.સંપર્ક : ૦૨૬૫

(૩) એમ.કોમ. પીજીડીસીએ.,જ.૧૦/૧૯૮૨,૫'૧" ઉંચાઈ, ટુરિસ્ટ કંપનીમાં નોકરી કરતી માંગલિક કન્યાને યુવક.સંપર્ક : મો.

(૪) ધો. ૧૨ પાસ,જ.૯/૧૯૭૮ ખાનગી કંપનીમાં ૧૦ વર્ષથી નોકરી કરતા યુવકને,ઓછું ભણેલ, વિધવા કે ત્યકતા જીવનસાથી. સંપર્ક : ૦૨૮૧ મો.

(૫ ) બી.કોમ.જ. ૧૨/૧૯૮૭, ૫' ૩" ઉંચાઈ સાદો મંગળ છે. આ કન્યા ને યોગ્ય યુવક. સંપર્ક : ૦૨૨

(૬) બી.એ. જ. ૧૦/૧૯૮૭,૫'૪" ઉંચાઈ ની માંગલિક કન્યાને યોગ્ય યુવક. સંપર્કઃ ૦૨૮૧ :

(૭) બી.કોમ. બી.લીબ(લાયબ્રેરી સાયન્સ) જ. ૪/૧૯૮૨ ૫'૫" ઉંચાઈ, શૈક્ષણિક સંસ્થામાં નોકરી કરતા યુવકને યોગ્ય કન્યા .સંપર્ક : ૦૨૮૧

(૮) ન્યુઝીલેન્ડ ખાતે એમબીએનો અભ્યાસ કરી ત્યાંજ યુનિ.માં નોકરી કરતી, જ. ૩/૭૯, ૫' ઉંચાઈની કન્યાને ભારતનો સમકક્ષ યુવક. એનઆરઆઈને પ્રથમ પસંદગી. સંપર્ક : ૦૭૯–

## લગ્ન વિષયક જાહેરાત – ઓગષ્ટ

(૧) બી.ઈ.(આઈસી) એમ બી એ (માર્કેટીંગ) આઈટી કંપનીમાં એકઝીકયુટીવ તરીકે નોકરી કરતા જન્મ ૧૯૮૬ વિસનગરા યુવકને યોગ્ય કન્યા. સંપર્ક : ૦૭૯– (૨)એચએચસી સુધી અભ્યાસ, જન્મ ૧૦/૧૯૬૮ ૧૫ વર્ષથી સ્વતંત્ર વ્યવસાય કરતા વિસનગરા યુવકને યોગ્ય કન્યા. સંપર્ક :-૦૨૮૧ -૨૪૪૮૪૬૩ (૩) બી.કોમ. ૫/૧૯૮૮ ૫'૭" ઉંચાઈ, મેડીકલ રીપ્રે. તરીકે નોકરી કરતા યુવકને યોગ્ય કન્યા. સંપર્ક : ૦૨૮૧- (૪)પીજીડીસીએ. જન્મ ૧૧/૧૯૮૫ ,૫'૩" ઉંચાઈ નોકરી કરતી માંગલિક કન્યાને યોગ્ય યુવક સંપર્ક : ૦૨૬૫ મો.(૫)ઓર્થો. ડોકટર,જન્મ ૨/૧૯૮૪ ૫'૭" ઉંચાઈ ના યુવકને સમકક્ષ કન્યા.સંપર્ક : ૦૨૬૫ – (૬) બીપીટી જન્મ ૧૧/૮૮,ઉંચાઈ ૫'૮" નોકરી કરતી કન્યાને સમકક્ષ

યુવક. સંપર્ક ૦૭૯-(૭) બી કોમ જમ ૬/૮૫ ઉંચાઈ ૬'/૭૦ લી ફાઈનાન્સ કંપની માં નોકરી કરતા યુવકને સમકક્ષકન્યા સંપર્ક ૦૨૮૧ (ફોર્મમાં નંબર ખોટો લખાયેલ હોવાથી તુરત સાચો જણાવશો)

## લગ્ન વિષયક જાહેરાત - જૂલાઈ

(૧) બી. ઇ. (સીઇ) જ. ૨/૧૯૮૬, ઉંચાઈ ૫'.૧૦", બેંગલોર ખાતે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯- (જ. તા. ૮૯ને બદલે ૮૬ વાંચશો.) (૨) બી. ઇ. (સીઇ) જ. ૧૨/૧૯૮૩, ઉંચાઈ ૫'.૩", રાષ્ટ્રીયકૃત બેંકમાં મેનેજર તરીકે નોકરી કરતી વિસનગરા કન્યાને યુવક. સંપર્ક : ૦૨૭૮- (૩) ડીપ્લોમા નેટ/હાર્ડવર્કીંગ એન્જી. જ. ૧૧/૧૯૯૦, ૫'.૩" ઉંચાઈના, ફેકલ્ટી તરીકે કાર્યરત યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૮-મો. (૪) બી.કોમ., ટેલી ડીપ્લોમા નેટવર્કીંગ એન્જી. જ. ૬/૧૯૮૩, ઉંચાઈ ૫'.૬"લી. કંપનીમાં એકાઉન્ટ એકઝીકયુટીવ તરીકે નોકરી કરતા (સાદો મંગળ) યુવકને કન્યા.૦૨૭૮-મો. (૫) ડીપ્લોમા ઓટો. એન્જી. જ. ૧/૧૯૮૩, ૬' ઉંચાઈના,ઓટો કંપનીમાં પીડીઆઇ ઇન્ચાર્જ તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૫- મો. (૬) પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન રીટેલ મેનેજમેન્ટ, જ. ૬/૧૯૮૨ ઉંચાઈ ૫', ફીટનેસ ફર્મમાં નોકરી કરતી મુંબઈ સ્થિત કન્યાને યુવક. સંપર્ક : ૦૨૨- (૭) એમ. એ., પી.એચડી. (ચાલુ) જ. ૧૦/૧૯૮૬, ઉંચાઈ ૫', સૌ. યુનિ.માં લેકચરર તરીકે નોકરી કરતી કન્યાને યુવક સંપર્ક : ૦૨૮૮- (૮) બી. ઇ. (આઇટી) જ. ૧૨/૧૯૮૭, ઉંચાઈ ૫'.૭", ટયુશન કરતી વિસનગરા (શનિ છે)કન્યાને યુવક. સંપર્ક : ૦૨૭૮-મો. (૯) બી.ઇ.(ઇલેકટ્રોનીકસ) જ. ૧૦/૧૯૮૭, ઉંચાઈ ૫'.૨", ટાટા કન્સ.માં નોકરી કરતી કન્યાને સમકક્ષ યુવક. સંપર્ક : ૦૨૮૧- (૧૦) એમ.એસ.સી. (બાયોટેક) ૧૧/૧૯૮૮, **૫'.૧"** ઉંચાઈની નોકરી કરતી માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-(૧૧) એમ.એ., ૩/૧૯૭૫ લેકચરર તરીકે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : મો. (૧૨)બી.કોમ., જ. ૪/૧૯૮૭ ઉંચાઈ ૫'.૨" પ્રા. લી. કંપનીમાં એકઝીકયુટીવ તરીકે નોકરી કરતા માંગલિક યુવકને કન્યા. સંપર્ક :૦૨૮૩૨-(૧૩) બી. ઇ. (પ્રોડ.) જ. ૧૨/૧૯૮૪, ઉંચાઈ ૫'.૪", રાજકોટ ખાતે પ્રા. લી. કંપનીમાં એન્જીનીયર તરીકે નોકરી કરતા વિસનગરા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯-

## પારેવડું(કન્યા) પિયુને પંથે ચાલ્યું

પારેવડું દિન-પ્રતિદિન વધતું ને વધતું ચાલ્યું,
માતા-પિતાના અમીરસનું પાન કરતું
આજે યુવાવસ્થાને આંબવા ચાલ્યું .......પારેવડું
આ પારેવડાને પાંખો ફૂટી છે આજે,
એ પાંખોને પિયુ સંગ પ્રસારતું ચાલ્યું,
આજે વધતું ને ખસતું -
-પિયુના ઘર તરફ ચાલ્યું ......પારેવડું
એ પારેવડાની પાંખોમાં શુભેચ્છાઓનું બળ ભરીએ,
ને વળી શુભાશિષોના રંગેથી રંગીએ,
એને સપ્તપદીની સમજણ આપીએ ......પારેવડું

**- મુનીભાઈ પી. વસાવડા, (જૂનાગઢ)**

## કુ. આકૃતિ ધોળકિયા પ્રથમ વર્ષ બી.ડી.એસ.માં યુનિ.માં છઠા સ્થાને



જૂનાગઢના શ્રી કેતન તથા શ્રીમતી હિતાક્ષી ધોળકિયાનાં પુત્રી કુ. આકૃતિ ધોળકિયા જૂલાઈ- ૨૦૧૧માં લેવાયેલ પ્રથમ વર્ષ બી.ડી.એસ. (ડેન્ટલ સર્જરી)ની પરીક્ષામાં યુનિવર્સિટીમાંથી છઠા ક્રમ સાથે ઉત્તીર્ણ થયાં.

કુ. આકૃતિ જૂનાગઢના ચંદ્રકાન્તભાઈ તથા અખિલબેન ધોળકિયાનાં પુત્રી અને શ્રી કૌશિકભાઈ તથા પૂર્ણિમાબેન વૈશ્નવનાં દોહિત્રી થાય. અભિનંદન.

## 'સંજોગ' બદલતાં...બરછી કાર્યાલયનું સરનામું બદલે છે...

તા. ૧/૯/૨૦૧૧થી 'સંજોગ' (નિવાસસ્થાન) બદલતાં પ્રિન્ટીંગના વ્યવસાયની ઓફિસનું સરનામું 'બરછી કાર્યાલય'નું સરનામું રહેશે. જે નોંધી લઈ આપની ટપાલ, મનીઓર્ડર, કુરિઅર, નીચે મુજબના નવા સરનામે મોકલવા વિનંતી. બરછી માટે આપની દરેક મૂલ્યવાન સામગ્રી મોકલ્યા બાદ થોડા સમય માટે આપના પત્રો,મ.ઓ. મળી ગયા છે કે નહીં તેની ફોનથી પૃચ્છા કરી લેવા વિનંતી. અમે પણ જાણ કરવા પ્રયત્ન કરીશું.

આ અંક મળ્યા બાદ બરછીના લવાજમ માટે કે કોઈપણ કામકાજ માટે રુબરુ મળવા માંગતા જ્ઞાતિજનો, પ્રતિનિધિઓ મને આ સરનામે જ સવારે ૧૦થી ૧ અને સાંજે ૪થી ૮ દરમ્યાન મળી શકશે. ફોન નંબર ૨૪૫૩૦૬૩ ઉપર સંપર્ક કરી આવવા વિ.

**બરછી કાર્યાલય C/o. ફાઈન આર્ટસ પ્રિન્ટર્સ,**
**કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ, રાજકોટ-૩૬૦ ૦૦૧.**
**(ફોન નંબર ૦૨૮૧-૨૪૫૩૦૬૩ જે નં. બદલતો નથી)**

(કોટેચાનગર મેઈન રોડ કાલવાડ રોડ-અમીન રોડ વચ્ચે આવેલ છે)જેની રૂબરૂ મળવા માટે નોંધ લેશો.

દર ગુજર કરશો : નવનિવાસની શોધ તથા કામચલાઉ સ્થાનાંતરની કઠીન કામગીરી સબબ નિયત સમયે ફોન સંપર્ક ન થવો, કયારેક સમાચારો મોડા વહેલા છપાયા હોય, ભૂલચૂક રહેલ હોય, તારીખથી બે-ત્રણ દિવસ અંક મોડા રવાના થવા (જો કે જયારે થાય છે ત્યારે એક સાથે જ અને દરેકને થાય છે તેની ખાસ નોંધ લેશો) જેવી બાબતો બદલ દરગુજર કરશો...'મિચ્છામી દુકડમ'! - તંત્રી

## ઓકટોબર-નવેમ્બરનો સંયુકત અંક તા. ૧૫/૧૧ના રોજ પ્રસિધ્ધ થશે...

આ અંક બાદ **ઓકટોબર માસનો અંક પ્રસિધ્ધ થશે નહી. અને દર વર્ષ મુજબ ઓકટોબર-નવેમ્બરનો સંયુકત અંક દીપોત્સવી અંક તરીકે તા ૧૫-૧૧-૨૦૧૧ ના રોજ પ્રસિધ્ધ થશે.**

સિધ્ધ હસ્ત તેમજ નવોદિત લેખકો, કવિઓને તેમની કૃતિઓ, કવીઝ-પઝલ,યુવાલક્ષી ઉપયોગી જાણકારી જેવું વિવિધતા સભર સાહિત્ય,આપના વ્યવસાયની જાહેરાતો મોડામાં મોડા **તા. ૫ નવેમ્બર** સુધીમાં મળી જાય તેમ મોકલી આપવા ઈજન(આમંત્રણ) છે. દીપોત્સવી કાર્યક્રમોની વિગતો,અન્ય સમાચારો શકય હોય એટલા વહેલા મોકલી આપવા પ્રતિનિધીઓ, જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી છે.'બરછી' આપનું મુખપત્ર-'આઈનો' છે. આપ જેવી કલમ ચલાવશો તેવું પ્રતિબિંબ તેમાં જોઈ શકશો. વહેલા તે પહેલાને ધોરણે સ્થળ અને યોગ્યતા પ્રમાણે સ્થાન આપવામાં આવશે. -તંત્રી

KALAM KADCHHI BARCHHI-GRJ-23
Registration Valid upto 31-12-2011
If not delivered Pl. return to :
Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001..

**નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે**
**નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
ગોલવાડ, બરોડા બેન્કની બાજુમાં,
સિધ્ધપુર. ફોન : ૦૨૭૬૭-૨૨૧૯૩૫

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ ૨૪૫૩૦૬૩